Human Resources and Skills Development Canada | Ressources humaines et Développement des compétences Canada

# હમણાં અને આવતી કાલે

# આપણી સમગ્ર પ્રક્રિયાઓમાં શ્રેષ્ઠતા

## કેનેડા શિક્ષણ બચત કાર્યક્રમ (કેનેડા એડ્યુકેશન સેવિંગ્ઝ પ્રોગ્રામ)

[Canada Education Savings Program \
Programme canadien pour l'épargne-études]

## યોગ્ય રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાનની પસંદગી

**CANLEARN.CA / CIBLETUDES.CA**

Canada

# યોગ્ય રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાનની પસંદગી
## Choosing the Right RESP / Choisir le bon REEE

તમારા બાળકના માધ્યમિક શિક્ષણ આગળના શિક્ષણ માટે નાણાંની જોગવાઇ કરવા તમે રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાન [Registered Education Savings Plan (RESP) / Régime enregistré d'épargne-études (REEE)] શરૂ કરવાનો વિચાર કરો છો? આ પુસ્તિકામાં એ પદ્ધતિની વિગતવાર કાર્યરીતિ છે.

### રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાન એટલે શું?

રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાન [RESP / REEE], શિક્ષણ માટે એક બચત ખાતું છે જે કેનેડા સરકાર સાથે રજિસ્ટર્ડ છે. રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાન સાથે તમને બીજા અનુદાન અને આર્થિક સહાય મળી શકે છે, જેમ કે :

- કેનેડા લર્નિંગ બોન્ડ [Canada Learning Bond (CLB) / Bon d'études canadien (BEC)];
- બુનિયાદી અને વધારાની (એડીશનલ) કેનેડા એડ્યુકેશન સેવિંગ્ઝ ગ્રાન્ટ [Basic and Additional Canada Education Savings Grant / Subvention canadienne pour l'épargne-études de base et supplémentaire]
- પ્રાન્તિક શિક્ષણ બચત પ્રોત્સાહન (ફકત એલબર્ટા અને ક્યૂબેક).

### રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાન કોણ રજૂ કરે છે?

રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાન નાણાંકીય સંસ્થાઓ (બેંક અથવા ક્રેડિટ યૂનિયન), સર્ટિફાઇડ ફાઇનેન્શિઅલ પ્લાનર્સ અથવા ગ્રૂપ પ્લાન ડીલર્સ, રજૂ કરે છે.

### રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાન પ્રોવાઇડરની પસંદગી કરવા મારે શું જાણવાની જરૂર છે ?

એ અગત્યનું છે કે તમે તમારી ગરજોને સર્વોત્તમ રીતે પૂરા પાડતા રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાન પ્રોવાઇડર [RESP provider / fournisseur de REEE] પસંદ કરો.

તમારા રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાન પ્રોવાઇડર તમારા માટે યોગ્ય રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાનની પસંદગી કરવામાં મદદ કરી શકે છે.

કેટલાક રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાન પ્રોવાઇડર્સ, તેમની સેવાઓ અથવા રોકાણ માટે ચુકવણીની માગણી કરે છે. અન્ય લોકો ચુકવણી માટે શરતો મુકે છે અને/અથવા રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાન તરફથી તમારા બાળકને લાભ આપે છે

## તમારા રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાન પ્રોવાઇડરને પૂછવા યોગ્ય પ્રશ્નો

- તમે કેનેડા લર્નિંગ બોન્ડ, એડીશનલ કેનેડા એડ્યુકેશન સેવિંગ્ઝ ગ્રાન્ટ [Additional Canada Education Savings Grant / Subvention canadienne pour l'épargne-études supplémentaire], અથવા એલબર્ટા કે ક્યૂબેક માટે પ્રાન્તિક શિક્ષણ બચત પ્રોત્સાહન રજૂ કરો છો?
- તમે કયા પ્રકારના રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાન રજૂ કરો છો (પારિવારિક, વ્યક્તિગત અને સામૂહિક)? તેમાં ભિન્નતાઓ શું છે?
- તમે રોકાણના કયા પ્રકારો રજૂ કરો છો? મારી પાસે રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાન હોય તો શું હું એને રોકાણના બીજા પ્રકારમાં બદલી શકું છું? કયો પ્રકાર સર્વોત્તમ રીતે સુરક્ષિત છે?
  - મને આ માટે ફીસની ચુકવણી કરવી પડશે :
  - રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાનનું ખાતું શરૂ કરવા?
  - મારા રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાનના ખાતામાંથી પૈસા કાઢવા?
  - મારા રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાનના સંચાલન માટે?
  - સેવાઓ અને કમિશન?

  જો હા, તો દરેક ફીસ કેટલી છે અને ચુકવણી ક્યારે કરવી પડશે?
- જો મારાથી નિયમિતપણે ચુકવણી ન કરી શકાય તો શું થાય?
- કયા પોસ્ટ-સેકન્ડરી સ્કૂલના કાર્યક્રમો તમારી યોજનાથી બાકાત છે?
- જો મારો બાળક હાઇ સ્કૂલ આગળનો અભ્યાસ ચાલુ ન રાખે તો શું થાય?
- જો હું મારૂં રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાનનું ખાતું સમય પહેલાં બંધ કરવા માગું, તો મારેઃ
  - ફીસ અને પેનલ્ટીની ચુકવણી કરવી પડે ખરી?
  - યોજના માટે ફાળવેલા પૈસા પાછા મળે ખરા?
  - રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાનમાં ઉપાર્જિત વ્યાજ ખોવું પડશે?
  - કોઇ બીજા પ્રકારના રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાન અથવા રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ પ્રોડક્ટમાં પૈસા તબદીલ કરી શકાશે?

## તમારા રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાન શરૂ કરવા કોન્ટ્રેક્ટ પર સહી કરતાં પહેલાં

તમારા રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાન પ્રોવાઇડરને વિનંતી કરો કે તે તમને બધી માહિતી લખીને આપે.

સુનિશ્ચિત કરો કે તમારો રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાન પ્રોવાઇડર પ્રાન્તિક શિક્ષણ બચત પ્રોત્સાહન (ફકત એલબર્ટા અને ક્યૂબેક) રજૂ કરે છે.

બધા દસ્તાવેજો વાંચો.  વિસ્તૃત વિગતવાર (ફીસ, પેનલ્ટી, કમિશન અને એડ્યુકેશન એસિસટેન્સ પેમેન્ટ્સ) પર ધ્યાન આપો. જો તમને કોઇ વાત સમજ ના પડે તો સહી ન કરો, અને રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાન પ્રોવાઇડરને ખુલાસો આપવા કહો.

ઉતાવળ ન કરો અને જુદી જુદી જાતના રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાન (પારિવારિક, વ્યક્તિગત અને સામૂહિક)ના લાભો અને જોખમોની તુલના કરો.  નિર્ણય કરતાં પહેલાં બધી માહિતી તપાસવાનો તમારો હક છે.

## કરાર પર સહી કર્યા પછી

સહી કરેલા બધા જ દસ્તાવેજોની કૉપી રાખો.

બુનિયાદી અને વધારાની (એડીશનલ) કેનેડા એડ્યુકેશન સેવિંગ્ઝ ગ્રાન્ટ અને કેનેડા લર્નિંગ બોન્ડની અરજી ભરવા રજિસ્ટર્ડ એડ્યુકેશન સેવિંગ્ઝ પ્લાન પ્રોવાઇડરથી મદદની માગણી કરો. આમાંથી દરેક માટે જુદી જુદી અરજી કરવી જરૂરી છે.

## વધુ માહિતી માટે મને ક્યાંથી મદદ મળી શકે છે?
## (ફકત અંગ્રેજી અને ફ્રેન્ચ)

1 800 O-Canada (1-800-622-6232)
ટી.ટી.વાય.: 1-800-926-9105

CanLearn.ca (અંગ્રેજી) અથવા Cibletudes.ca (ફ્રેન્ચ)

તમારા નજીકનો સર્વિસ કેનેડા સેન્ટર [Service Canada Centre / Centre service Canada]

કેનેડા રેવન્યૂ એજન્સી
[Canada Revenue Agency / Agence du revenu du Canada]
વ્યક્તિગત ઇન્કમ ટેક્સ પૂછપરછ
1-800-959-8281
www.cra-arc.gc.ca

ફાઇનેન્સિઅલ કન્સ્યૂમર એજન્સી ઑફ કેનેડા
[Financial Consumer Agency of Canada /
Agence de la consommation en matière financière du Canada]
1-866-461-3222
www.fcac.gc.ca / www.acfc.gc.ca

તમે નીચે પ્રમાણે સમ્પર્ક સાધીને આ પ્રકાશન મેળવી શકો છો:

**પબ્લિશિંગ સર્વિસેઝ**
**હ્યૂમન રિસોર્સેઝ ઍન્ડ સ્કિલ્સ ડેવલપમેન્ટ કેનેડા**

**Publishing Services / Services des publications**
**Human Resources and Skills Development Canada / Ressources humaines et Développement des compétences Canada**
140 Promenade du Portage
Portage IV, 12th Floor
Gatineau, Québec
K1A 0J9

**ફેક્સ:** 819-953-7260

ઓન-લાઇન: http://www12.hrsdc.gc.ca (અંગ્રેજી) અથવા http://www12.rhdcc.gc.ca (ફ્રેન્ચ)

1 800 O-Canada (1-800-622-6232) પર સમ્પર્ક સાધીને માગણી પ્રમાણે આ દસ્તાવેજ અન્ય ફોર્મેટ્સ (મોટા અક્ષરોમાં, બ્રેઇલ, ઓડિઓ કેસેટ, ઓડિઓ સીડી, અથવા ઈ-ટેક્સ્ટ ડીસ્કેટી, ઈ-ટેક્સ્ટ સીડી અથવા DAISY) માં ઉપલબ્ધ છે. જો તમે ટેલીટાઇપરાઇટર (TTY/ATS), વાપરતા હો તો 1-800-926-9105 પર ફોન કરો.

© હર મેજેસ્ટી ધ ક્વીન ઇન રાઇટ ઑફ કેનેડા, ૨૦૧૧